જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૦/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૨૩ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૩ બીયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૨૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૬૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૬૭/૨૦૨૬**

શહેરકોટડાઃ જીતેન્દ્રકુમાર વિનુભાઈ કોઠીયા (ઉ.વ.૪૨)(રહે, કૃષ્ણધામ સોસાયટી ગોપાલચોક પાસે નવા નરોડા) એ તા.૧૭/૧૦/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૫ થી તા.૨૧/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મહેશ દેવરાજભાઈ દેવાણી (રહે.પ્રથમ રેસીડેન્સી દિપક સ્કુલ પાસે નવા નિકોલ) તથા અમૃતા ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર મહેન્દ્રસિંગ મંગલસિંગ રાજપુરોહીત (રહે.વૈભવ એસ્ટેટ શ્રીનાથ રેસીડેન્સીની બાજુમા એસ.પી.રીંગ રોડ નિકોલ) એ ભેગામળી સરસપુર સી.ટી.ગોલ્ડ સિનેમાની બાજુમાં પુષ્પદિપ ઈન્ડસ્ટ્રીયલ હબ એન્ડ આર્કેડ ખાતે જીતેન્દ્રકુમારના પત્નીના નામે આવેલ "શ્રી ડીઝાઈન" નામની ફર્મ ખાતે આવી જીતેન્દ્રકુમારને સી.એન.સી રાઉટર મશીનરી વ્યાજબી ભાવે અપાવવાનો વિશ્વાસ આપી, તેમની પત્નીના નામે રૂપિયા ૪૮,૫૦,૦૦૦/– ની બેંક ઓફ બરોડા નરોડા જી.આઇ.ડી.સી.બ્રાંચ ખાતેથી લોન કરાવી, લોનના રૂપિયા "અમૃતા ઈન્ડસ્ટ્રીઝ" ના ખાતામા ડી.ડી. થી જમા કરાવી લઈ તેમજ ડીફરન્સની અલગ–અલગ રકમ મળી કુલ રૂપિયા ૧૬,૪૦,૦૦૦/– અલગ–અલગ સમયે "અમૃતા ઈન્ડસ્ટ્રીઝ" ના ખાતામા ભરાવી લઈ કુલ રૂપિયા ૬૪,૯૦,૦૦૦/– જીતેન્દ્રકુમારની પત્ની પાસેથી મેળવી લીધા બાદ મશીનરી નહી આપી ફકત રૂપિયા ૬,૦૦,૦૦૦/– પરત આપી બાકીના લેણા રૂપિયા ૫૮,૯૦,૦૦૦/– પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.ગોસ્વામી ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ હર્ષદકુમાર સ/ઓ પ્રભુભાઇ પટેલ (ઉ.વ.૪૯)(રહે. શ્રીધર સ્પર્શ, રોયલ હોટલના ખાંચામાં, વસ્ત્રાલ, ઓઢવ) એ તા.૧૭/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૦/૨૦૨૬ થી તા.૧૦/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઇલ નંબર +91 9387300388 ના ધારકે પોતાના વોટ્સએપ પ્રોફાઇલ પિક્ચરમાં અદાણી ગેસ કંપનીનો લોગો રાખી, હર્ષદકુમારના વોટ્સએપ ઉપર "સવારના સાડા નવ વાગ્યા સુધીમાં અદાણી ગેસનું બીલ નહી ભરો તો કનેક્શન કટ થઇ જશે" તેવો મેસેજ કરી તેમજ કોલ કરી અદાણી ગેસનું બિલ ભરેલ હોવા છતાં રૂપિયા ૧૦/– નું ડિફરન્સ ભરવાના બહાને હર્ષદકુમારના વોટ્સએપ ઉપર Adani Gas Bill update.apk તથા Gas_Bill_update.apk નામની APK ફાઇલો ડાઉનલોડ કરાવડાવી તેમના મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી લઇ, હર્ષદકુમારના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૬,૮૦,૮૧૯/– ટ્રાન્સફર કરી લઈ હર્ષદકુમાર વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એન.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૪૬૮/૨૦૨૬**

આનંદનગરઃ ગજેન્દ્રપુરી શીવપુરી ગોસ્વામી (રહે.કૃષ્ણધામ ઓડાના મકાન વિભાગ–૧(બ) વેજલપુર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૨૦૨૬ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના મંગળસુત્ર નંગ–૨ કિંમત રૂપિયા ૩,૩૫,૦૦૦/– તથા ચાંદીની લક્કી કિંમત રૂપિયા ૮૦૦૦/–, ચાંદીની ચેઈન કિંમત રૂપિયા ૪૦૦૦/–, તેમજ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦૦/– અને રોકડ રૂપિયા ૪૦૦/– મળી કુલ રૂપિયા ૩,૫૨,૪૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૬૯/૨૦૨૬**

નારોલઃ પીપળજ ગામ હનુમાનજીના મંદીરની બાજુમાં ભરવાડ વાસ ખાતે ભાડાના મકાનમાં રહેતા ભગવાન કરિમન શાહ નાઓના ૦૫ વર્ષનો પુત્ર તા.૧૬/૧૦/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા રહેણાંક ઘરની પાણીની ટાંકીમાં પડી જતા સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૭૦/૨૦૨૬**

અમરાઈવાડીઃ જય સ/ઓ અશોકભાઈ લીમજે (ઉ.વ.૨૯)(રહે.ગંગાનગર સોસાયટી ભગવતીનગર રોડ અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ જીગ્નેશભાઈ રાજેશભાઈ પટણી (ઉ.વ.૨૦) (રહે. ખાડાવાળી ચાલીના છાપરાં શુભમ હોસ્પિટલ પાછળ કલાપીનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૬ કલાક ૦૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચન્દ્રકાંતભાઇ પ્રભુભાઇ ચલાવે છે.

એરપોર્ટઃ સરદારનગર ભદ્રેશ્વર જોગણીમાતાજીના મંદિર સામે ટુટીફ્રૂટીના કારખાનામાં રહેતા શિવમકુમાર કૌશવકુમાર પાલ (ઉ.વ.૧૯) (મુળ વતન. અલ્હેદપુર ખજવા ખાજુબા બીજનોંર ઉતરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૬ રાતના ૦૯/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે લોખંડના પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

વાડજઃ નવા વાડજ રામાપીરનો ટેકરો લીલામણી કોર્પોરેટ હાઉસની સામે "સેકટર–૩" નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા ચંદનકુમાર નંદલાલ રામ (ઉ.વ.૨૮) (મુળ વતન. સોઢના માધોપુર પોસ્ટ–કોદરિયા થાના–મીનાપુર જી–મુઙ્ગફર બિહાર) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૦/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી સાઇટ "સેકટર–૩" ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ ચંદુભાઇ ચલાવે છે.

વાડજ: વિજયભાઇ કાનાભાઈ સોલંકી (ઉ.વ.૪૩)(રહે.અંબિકાનગરની ચાલી બાલ હનુમાન મંદિર પાસે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશભાઈ શીવાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી